# સરસ્વતીના મહેરબાન ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગનાં ન્યાયાલયમાં

કુ.મેઘાબેન મહેશકુમાર નવધરે, ફોજદારી ન્યાયધીશ પ્રથમ વર્ગ, સરસ્વતી

(ચુકાદાની તારીખ : ૨૩–૦૩–૨૦૨૬)

ફોજદારી કેસ નંબર :–૨૭૮/૨૦૧૮

આંક :–

| ગુનાની વિગતો | |
|---|---|
| પોલીસ સ્ટેશન | વાગડોદ પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | III–૨૧/૨૦૧૭ |
| ગુનો | ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ– ૬૭(સી), ૮૧, ૬૫ (એ.ઇ.), ૬૬(૧)બી, ૧૧૬(બી), ૯૯ મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિ.એ.પી.પી.શ્રી | શ્રી ડી.એમ.ઠક્કર |
| આરોપી | (૧) રાજુજી બનેસિંગ ઠાકોર, ઉ.વ.૨૪, રહે–સુણસર, તા.ચાણસ્મા, જિ.પાટણ, (૨) પ્રકાશકુમાર નારાયણરામ મગાજી કણબી(ચૌધરી) ઉ.વ.૨૫, રહે–સોરડા, શીરોહી, રાજસ્થાન |

| | |
|---|---|
| | (૩) દલપતસિંહ લક્ષ્મણસિંહ ભીખસિંગ ઠાકોર, ઉ.વ.૩૫, રહે–મંડાર, આદર્શ વિદ્યાલયની બાજુમાં, શીરોહી, મંડાર. |
| આરોપી તરફે વિ. વ.શ્રી | શ્રી ડી.આર.પરમાર |

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૦૮/૦૩/૨૦૧૭ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૦૮/૦૩/૨૦૧૭ |
| આખરી અહેવાલની તારીખ | ૨૯/૦૬/૨૦૧૭ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૯/૦૭/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૩/૧૦/૨૦૨૪ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૩/૦૩/૨૦૨૬ |
| સજાની હુકમની તારીખ (લાગ પડે તો) | -- |

| **આરોપીઓની વિગતો** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| આ. નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | શું સજા કરી? | ફો.કા.સં. ૧૯૭૩ ની કલમ ૪૨૮ મુજબ સુનવણી દરમ્યાન અટકાયત નો સમય |
| ૦૧ | રાજુજી બનેસિંગ ઠાકોર, ઉ.વ.૨૪, | ૧૯/ ૦૬/ ૨૦૧૭ | ૦૩/ ૦૭/ ૨૦૧૭ | ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની | નિર્દોષ છોડ્યા | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | રહે.સુણસર, તા. ચાણસ્મા, જિ.પાટણ | | | કલમ– ૬૭(સી), ૮૧, ૬૫ (એ.ઇ.), ૬૬(૧)બી, ૧૧૬(બી), ૯૯ મુજબ. | | | |
| ૦૨ | પ્રકાશકુમાર નારાયણરામ મગાજી કણબી (ચૌધરી) , ઉ.વ.૨૫, રહે–સોરડા, શીરોહી, રાજસ્થાન | ૨૯/ ૦૩/ ૨૦૧૭ | ૧૨/ ૦૪/ ૨૦૧૭ | | | | |
| ૦૩ | દલપતસિંહ લક્ષ્મણસિંહ ભીખસિંગ ઠાકોર, ઉ.વ.૩૫, રહે-મંડાર, આદર્શ વિધ્યાલય ની બાજુમાં, શીરોહી, મંડાર | ૩૧ /૦૩/ ૨૦૧૭ | ૨૦/ ૦૪/ ૨૦૧૭ | | ચાર્જશીટ અલગ કરવાનો હુકમ થયેલ છે. | | |

## :: ચુકાદો ::

### (૧) ફરિયાદપક્ષે ટૂંકમાં હકીકત તથા પોલીસ કાર્યવાહી :–

આ કામે ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોદારે પોતાના કબજા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફ્ટ ગાડી નંબર–જી.જે.૦૮–આર–૦૦૮૮ની માં ગે.કા.વગર પાસ પરમીટનો પર પ્રાંતીય બનાવટી વિદેશી માર્કાની દારૂની બોટલ નંગ–૪૭૭ તથા બીયર ટીન નંગ–૨૮૮ મળી કુલ નંગ–૭૬૫ ની કુલ કિંમત રૂા. ૯૦,૯૦૦/– સ્વીફ્ટ

ગાડી કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા. ૫,૯૦,૯૦૦/–સાથે હેરા ફેરી કરતા દરમ્યાન ગાડી મુકી નાસી જઈ તથા તહો.નં–૨ નાઓ હાજર મળી નહીં આવી ગુનો કરેલ, ફરિયાદીએ આ મતલબની ફરિયાદ વાગડોદ પોલીસ સ્ટેશનમાં ૨૧/૨૦૧૭ થી ફરીયાદ નોંધાવેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા ગુના અંગે આરોપીઓને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરવાની કાર્યવાહી કરેલ અને આરોપીઓ વિરૂદધ પૂરતો પુરાવો જણાઈ આવતા આખરી અહેવાલ દાખલ કરેલ.

## (૨) ગુનાનું સંજ્ઞાન તથા તહોમતનામું :–

મહે. પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપીઓ વિરૂદધ ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૭(સી), ૮૧, ૬૫ (એ.ઈ.), ૬૬(૧)બી, ૧૧૬(બી), ૯૯ મુજબનાં ગુના અંગે કોગ્નીઝન્સ લઈ સમનસ કાઢવા હુકમ કરેલ. આરોપી નં.૧ તથા ૨ ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થતાં તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ. આ કામના આરોપી નં.૩ હાજર રહેતા ન હોય અને વારંવાર વોરંટ કાઢવા છતાં મળી આવતા ન હોય મહે. પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક–૧ હેઠળ હુકમ કરી આરોપી નં.૩ વિરુદ્ધ ફોજદારી કાર્યરીતિ સહિંતાની કલમ–૩૧૭(૨) હેઠળ ટ્રાયલ સેપરેટ કરવાનો હુકમ કરેલ છે તેમજ આરોપી નં.૩ મળી આવ્યેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૯ (અ) હેઠળ ગુનો દાખલ કરવા હુકમ તા.૦૬/૦૯/૨૦૨૩ ના રોજ કરેલ છે. ત્યારબાદ આંક–૨૦ થી આરોપી નં.૧ તથા ૨ ઉપર તહોમતનામું ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવી આંક–૨૧ તથા આંક–૨૨ થી આરોપીઓનો ગુનાની કબુલાત અંગે જવાબ નોંધવામાં

આવેલ. આરોપીઓએ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

## (૩) ફરિયાદપક્ષ તરફે પુરાવો :–

આરોપીઓએ તેઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો કબૂલ નહી કરતા ફરિયાદપક્ષે પુરાવો રજુ કરેલ.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી અંબાલાલ ધારસિંહ જુબાની | ૨૭ |
| ૦૨ | સાહેદ સતિષભાઇ કુરશીભાઇની જુબાની | ૪૦ |
| ૦૩ | સાહેદ અકબરભાઇ રમજુભાઇની જુબાની | ૪૬ |
| ૦૪ | સાહેદ ઇદ્રીશખાન શમશેરખાન ની જુબાની | ૪૯ |
| ૦૫ | પંચ સાહેદ ઇમ્તીયાઝખાન ઇમામખાનની જુબાની | ૫૩ |
| ૦૬ | આઇ/ઓ ધીરજી સાંકાભાઇની જુબાની | ૫૫ |

**દસ્તાવેજો**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૦૧ | અસલ ફરિયાદ | ૨૮ |
| ૦૨ | પંચનામું | ૫૪ |
| ૦૩ | ડેપ્યુટ હુકમ | ૫૬ |
| ૦૪ | રવાનગી પત્રક | ૫૭ |

## (૪) વિશેષ નિવેદન :–

સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન નોંધતા

આરોપીઓએ આ કામે નિર્દોષ હોય તેઓને છોડી મુકવા અરજ ગુજારેલ.

## (૫) દલીલો :–

આરોપીઓના વિશેષ નિવેદન લીધા બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ.

## (૬) મુદ્દા તથા તેના ન્યાયિક નિર્ણય :–

સદર કામે રજુ થયેલ પુરાવા, કેસની હકીકત, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ કેસનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

| ક્રમ | મુદ્દા | ન્યાયિક નિર્ણય |
|---|---|---|
| ૦૧ | શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કેલ આ કામના તહોદારે પોતાના કબજા ભોગવટાની મારૂતી સુઝુકી કંપનીની સ્વીફ્ટ ગાડી નંબર–જી.જે.૦૮–આર–૦૦૮૮ની માં ગે.કા.વગર પાસ પરમીટનો પરપ્રાંતીય બનાવટી વિદેશી માર્કાની દારૂની બોટલ નંગ–૪૭૭ તથા બીયર ટીન નંગ–૨૮૮ મળી કુલ નંગ–૭૬૫ ની કુલ કિંમત રૂા. ૯૦,૯૦૦/– સ્વીફ્ટ ગાડી કિંમત રૂા.૫,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂા. ૫,૯૦,૯૦૦/–સાથે હેરા ફેરી કરતા દરમ્યાન ગાડી મુકીનાસી જઇ તથા તહો.નં–૨ નાઓ હાજર મળી નહીં આવી ગુનો કરી આરોપી નં.૧ તથા ૨ નાઓએ ગુજરાત | નકારમાં |

| | | |
|---|---|---|
| | નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૭(સી), ૮૧, ૬૫ (એ.ઈ.), ૬૬(૧)બી, ૧૧૬(બી), ૯૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? | |
| ૦૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ. |

**(૭) નિર્ણય માટેના કારણો :–** મુદ્દા નં. ૧ અને ૨ :

**(૭.૧)** આ કામે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂળ સિધ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામેનો ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિદોર્ષ છે તેવું માનવું જોઈએ અને ફરિયાદપક્ષે ૨૭૮/૨૦૧૮આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષના સકારાત્મક પુરાવાથી વ્યાજબી શંકાથી પરે સાબિત કરવું જોઇએ.

**(૭.૨)** આ કામે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષ તરફથી તપાસ મુલાકાત પંચ સાહેદ ઇમ્તીયાઝખાન ઇમામખાન બલોચને આંક–૫૩ થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ગઈ તા.૦૮/૦૩/૨૦૧૭ ના રોજ હુ વાગડોદ હોટલ ઉપર ઉભો હતો ત્યારે પોલીસ મારા પાસે આવેલી અને મને એક તૈયાર લખેલ કાગળમાં સહી કરાવાનુ કહેતા મે તેમા સહી કરેલ કાગળમાં શું લખેલ હતુ તે મે વાંચેલ નથી કે મને સંભળાવેલ નથી હુ ઇંગ્લીશ દારૂ વિશ કંઈ જાણતો નથી સદર પંચોએ પંચનામામાં માત્ર સહી ઓળખી બતાવેલ હોઈ પંચનામું આંક–૫૪ થી રજુ થયેલ છે. આ પંચો ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય

વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરવા પરવાનગી માંગતા તેવી પરવાનગી આપ્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેમને વિગતવાર ઉલટપતાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા તેઓ કોઈ ફળદાયક હકીકત જણાવતા નથી.

જયારે આરોપી તરફેની ઉલટતપાસ દરમિયાન તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તૈયાર કાગળમાં સહી કરેલી તથા પંચનામું વાંચી  સંભળાવેલ નહિં.

**(૭.૩)** ફરિયાદ પક્ષ તરફે ફરિયાદી અંબાલાલ ધારસિંહને આંક–૨૭ થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,તા.૦૮/૦૩/૨૦૧૭ ના રોજ હુ તથા ઇ/ચા પો.ઇ.શ્રી પટેલ સાહેબ તથા મોહનભાઇ ભોજાજી, અકબરભાઇ રમજુભાઇ, વિપુલભાઇ ખોડાભાઈ, અબ્દુલકયુમ વિગેરે એલસીબી પોલીસ સ્ટાફના માણસો ડીસા–પાટણ હાઈવે ઉપર પ્રોહી લગત વોચમા હતા તે દરમિયાન અકબર રમજુભાઇને બાતમી મળેલ કે ડીસા તરફથી સ્વીફટનો ચાલક દલપતસિંહ લક્ષમણસિંહ રહે.મંડાર, રાજસ્થાનવાળો વિદેશી દારૂ ભરી ભીલવણ જઇ સુણસર ગામે રાજુજી બનેસીંગ સૂનસરવાળાને આપવાનુ છે તે હકકીત આધારે બે પંચો બોલાવી વાકેફ કરી નાકાબંધીમા ઉભા હતા તે દરમિયાન વાગડોદ પોસઇ બી.કે. પ્રજાપતિ તથા હે.કો.શ્યામજીભાઇ રામજીભાઇ તથા ઇદ્રીશભાઇ ખાનગી વાહનમા આવેલા અને ઉપરોકત મુજબની હકીકત જણાવેલ તેઓને પણ નાકાબંધીમા સાથે રાખેલ અને ડીસા તરફથી એક ગાડી આવતા ખાનગી વાહનને આડશ કરેલ પરંતુ ગાડીના ચાલકે રોડની સાઇડમા કટ મારી પાટણ તરફ ભગાડેલ અને ગાડી ઉભી રાખેલ નહિ સદર ગાડીનો પીછો પંચો સાથે રાખી કરતા સદર ગાડી વડુ અઘાર થઇ શિહોરી પાટણ ત્રણ રસ્તા સુજનીપુર

કાંસા થઇ સરિયદ થઇ ઉંદરા તરફ ભગાડેલ સદર ગાડી ઉંદરા ગાડીના બસ સ્ટોપ ઉપર રોકાવતા ગાડીનો ચાલક ગાડી મુકીને બાજુમા આવેલ ખેતરમા જઇને નાસી ગયેલ અને પકડાયેલ નહિ અને સદર ગાડી પંચો રૂબરૂ તપાસ કરતા પાછળની ડેકીમા દારૂની તથા બીયરના બોક્ષ પડેલ હતા જે નીચે ઉતારી જોતા (૧) એસીસેક વીસ્કી ૧૮૦ મિલિ બોટલ નંગ–૨૮૮ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૨૮,૦૦૦/– તેમજ (૨)જીનીસ્ટ્રોંગ દેશી મદિરા ૧૮૦ મિલિ બોટલ નંગ–૧૪૪ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૧૪,૪૦૦/– તેમજ (૩)કેરવસ ડ્રાય જીન ૧૮૦ મિલિ બોટલ નંગ–૪૫ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૪,૫૦૦/– તેમજ (૪)હાયવર્ડસ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ટીન નંગ–૨૮૮ જે એકની કિ.૧૫૦/–લેખે કુલ રૂ.૪૩,૨૦૦/– મળી આવેલ આમ કુલ રૂ.૯૦,૯૦૦/–નો પ્રોહી મુદામાલ તથા ૫,૦૦,૦૦૦/–રૂપિયાની સુઝુકી કંપનીની સ્વીફ્ટ ગાડી કબજે કરેલ અને દરેક બ્રાન્ડમાથી એક એક બોટલ સેમ્પલ સારૂ ૦૦/–ની ગણી કાઢી લીધેલી અને આ મતલબનુ વિગતવારનુ પંચનામુ બી.વી.પટેલ ઇ/ચા પો.ઇ.નાઓએ કરેલુ તે મતલબની ફરીયાદ મે આપેલી જે હુ ઓળખું છુ જે અસલ ફરીયાદ હુ રજુ કરૂ છું. જે રજુ દાખલ આંક.૨૮ આપવામાં આવે છે આરોપીને હુ ઓળખુ છુ.

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર ફરિયાદીની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવવાળી જગ્યા સતત વાહનો તથા માણસોની અવરજવરવાળી જગ્યા છે. કહેવાતા બનાવવાળી જગ્યાએથી પોલીસ સીવાય સ્વતંત્ર સાહેદો મળી શકે તેવી જગ્યા હતી. પંચો નામઠામ ફરીયાદમાં લખાવેલ નથી. પંચોની હાજરીમા અમોએ આરોપીને પકડેલ નથી.

**(૭.૪)**ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે સાહેદ અકબરભાઇ રમજુભાઇને આંક–૪૬ થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,તા.૦૮/૦૩/૨૦૧૭ ના રોજ હુ તથા ઇ/ચા પો.ઇ.શ્રી પટેલ સાહેબ તથા મોહનભાઇ ભોજાજી, અંબાલાલ ધારસિંહ, વિપુલભાઇ ખોડાભાઇ, અબ્દુલકયુમ વિગેરે એલસીબી પોલીસ સ્ટાફના માણસો ડીસા–પાટણ હાઇવે ઉપર પ્રોહી લગત વોચમા હતા તે દરમિયાન અમોને બાતમી મળેલ કે ડીસા તરફથી સ્વીફટનો ચાલક દલપતસિંહ લક્ષમણસિંહ રહે.મંડાર, રાજસ્થાનવાળો વિદેશી દારૂ ભરી ભીલવણ જઇ સુણસર ગામે રાજુજી બનેસીંગ સૂનસરવાળાને આપવાનુ છે તે હકકીત આધારે બે પંચો બોલાવી વાકેફ કરી નાકાબંધીમા ઉભા હતા તે દરમિયાન વાગડોદ પોસઇ બી.કે. પ્રજાપતિ તથા હે.કો.શ્યામજીભાઇ રામજીભાઇ તથા ઇદ્રીશભાઇ ખાનગી વાહનમા આવેલા અને ઉપરોકત મુજબની હકીકત જણાવેલ તેઓને પણ નાકાબંધીમા સાથે રાખેલ અને ડીસા તરફથી એક ગાડી આવતા ખાનગી વાહનને આડશ કરેલ પરંતુ ગાડીના ચાલકે રોડની સાઇડમા કટ મારી પાટણ તરફ ભગાડેલ અને ગાડી ઉભી રાખેલ નહિ સદર ગાડીનો પીછો પંચો સાથે રાખી કરતા સદર ગાડી વડુ અઘાર થઇ શિહોરી પાટણ ત્રણ રસ્તા સુજનીપુર કાંસા થઇ સરિયદ થઇ ઉંદરા તરફ ભગાડેલ સદર ગાડી ઉંદરા ગાડીના બસ સ્ટોપ ઉપર રોકાવતા ગાડીનો ચાલક ગાડી મુકીને બાજુમા આવેલ ખેતરમા જઇને નાસી ગયેલ અને પકડાયેલ નહિ અને સદર ગાડી પંચો રૂબરૂ તપાસ કરતા પાછળની ડેકીમા દારૂની તથા બીયરના બોક્ષ પડેલ હતા જે નીચે ઉતારી જોતા (૧) એસીસેક વીસ્કી ૧૮૦ મિલિ બોટલ નંગ–૨૮૮ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૨૮,૦૦૦/– તેમજ (૨)જીનીસ્ટ્રોંગ દેશી મદિરા ૧૮૦ મિલિ બોટલ નંગ–૧૪૪ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ

રૂ.૧૪,૪૦૦/– તેમજ (૩)કેરવસ ડ્રાય જીન ૧૮૦ મિલિ બોટલ નંગ–૪૫ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૪,૫૦૦/– તેમજ (૪)હાયવર્ડસ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ટીન નંગ–૨૮૮ જે એકની કિ.૧૫૦/–લેખે કુલ રૂ.૪૩,૨૦૦/– મળી આવેલ આમ કુલ રૂ.૯૦,૯૦૦/–નો પ્રોહી મુદામાલ તથા ૫,૦૦,૦૦૦/–રૂપિયાની સુઝુકી કંપનીની સ્વીફ્ટ ગાડી કબજે કરેલ અને દરેક બ્રાન્ડમાથી એક એક બોટલ સેમ્પલ સારૂ ૦૦/–ની ગણી કાઢી લીધેલી અને આ મતલબનુ વિગતવારનુ પંચનામુ બી.વી.પટેલ ઈ/ચા પો.ઈ.નાઓએ કરેલુ તે મતલબની ફરીયાદ અંબાલાલ ધારસિંહનાઓએ આપેલી પોલીસે મારુ નિવેદન લીધેલ .

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા સતત વાહનો તથા માણસોની અવરજવરવાળી જગ્યા છે. પંચો નામઠામ નિવેદનમાં લખાવેલ નથી. પંચોની હાજરીમા આરોપીને પકડેલ નથી. બનાવના સ્થળેથી હાલના આરોપીને મુદ્દામાલ સાથે અટક કરેલ નથી.

**(૭.૫ )** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે સાહેદ ઈદ્રીશખાન જમશેરખાનને આંક–૪૯ થી સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,ગઈ તા.૦૮/૦૩/૨૦૧૭ ના રોજ હુ તથા ઈ/ચા પો.ઈ.શ્રી પટેલ સાહેબ તથા મોહનભાઈ ભોજાજી, અંબાલાલ ધારસિંહ, વિપુલભાઈ ખોડાભાઈ, અબ્દુલકયુમ વિગેરે એલસીબી પોલીસ સ્ટાફના માણસો ડીસા–પાટણ હાઈવે ઉપર પ્રોહી લગત વોચમા હતા તે દરમિયાન શામજીભાઈ અને અબ્દુલ કૈયુમભાઈને બાતમી મળેલ કે ડીસા તરફથી સ્વીફ્ટનો ચાલક દલપતસિંહ લક્ષમણસિંહ રહે.મંડાર,રાજસ્થાનવાળો વિદેશી દારૂ ભરી ભીલવણ જઈ

સુણસર ગામે રાજુજી બનેસીંગ સૂનસરવાળાને આપવાનુ છે તે હકકીત આધારે બે પંચો બોલાવી વાકેફ કરી નાકાબંધીમા ઉભા હતા તે દરમિયાન વાગડોદ પોસઇ બી.કે.પ્રજાપતિ તથા હે.કો.શ્યામજીભાઇ રામજીભાઇ તથા ઇદ્રીશભાઇ ખાનગી વાહનમા આવેલા અને ઉપરોકત મુજબની હકીકત જણાવેલ તેઓને પણ નાકાબંધીમા સાથે રાખેલ અને ડીસા તરફથી એક ગાડી આવતા ખાનગી વાહનને આડશ કરેલ પરંતુ ગાડીના ચાલકે રોડની સાઇડમા કટ મારી પાટણ તરફ ભગાડેલ અને ગાડી ઉભી રાખેલ નહિ સદર ગાડીનો પીછો પંચો સાથે રાખી કરતા સદર ગાડી વડુ અઘાર થઇ શિહોરી પાટણ ત્રણ રસ્તા સુજનીપુર કાંસા થઇ સરિયદ થઇ ઉંદરા તરફ ભગાડેલ સદર ગાડી ઉંદરા ગાડીના બસ સ્ટોપ ઉપર રોકાવતા ગાડીનો ચાલક ગાડી મુકીને બાજુમા આવેલ ખેતરમા જઇને નાસી ગયેલ અને પકડાયેલ નહિ અને સદર ગાડી પંચો રૂબરૂ તપાસ કરતા પાછળની ડેકીમા દારૂની તથા બીયરના બોક્ષ પડેલ હતા જે નીચે ઉતારી જોતા (૧) એસીસેક વીસ્કી ૧૮૦ મિલિ બોટલ નંગ–૨૮૮ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૨૮,૦૦૦/– તેમજ (૨)જીનીસ્ટ્રોંગ દેશી મદિરા ૧૮૦ મિલિ બોટલ નંગ–૧૪૪ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૧૪,૪૦૦/– તેમજ (૩)કેરવસ ડ્રાય જીન ૧૮૦ મિલિ બોટલ નંગ–૪૫ જે એકની કિ.૧૦૦/–લેખે કુલ રૂ.૪,૫૦૦/– તેમજ (૪)હાયવર્ડસ ૫૦૦૦ સુપર સ્ટ્રોંગ બીયર ટીન નંગ–૨૮૮ જે એકની કિ.૧૫૦/–લેખે કુલ રૂ.૪૩,૨૦૦/– મળી આવેલ આમ કુલ રૂ.૯૦,૯૦૦/–નો પ્રોહી મુદામાલ તથા ૫,૦૦,૦૦૦/–રૂપિયાની સુઝુકી કંપનીની સ્વીફટ ગાડી કબજે કરેલ અને દરેક બ્રાન્ડમાથી એક એક બોટલ સેમ્પલ સારૂ ૦૦/–ની ગણી કાઢી લીધેલી અને આ મતલબનુ વિગતવારનુ પંચનામુ બી.વી.પટેલ ઇ/ચા પો.ઇ.નાઓએ કરેલુ તે મતલબની ફરીયાદ અંબાલાલ ધારસિંહનાઓએ

આપેલી પોલીસે મારુ નિવેદન લીધેલ .

જ્યારે બચાવપક્ષ દ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા સતત વાહનો તથા માણસોની અવરજવરવાળી જગ્યા છે. પંચો નામઠામ નિવેદનમાં લખાવેલ નથી. પંચોની હાજરીમા આરોપીને પકડેલ નથી. બનાવના સ્થળેથી હાલના આરોપીને મુદ્દામાલ સાથે અટક કરેલ નથી.

**(૭.૬)** ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે તપાસ કરનાર અધિકારી ધીરજીભાઇ સાંકાભાઇ દેસાઇ ને આંક–૫૫ થી તપાસતા, ગઇ તા.૦૮/૦૩/૨૦૧૭ ના રોજ હુ એલ.સી.બી.શાખામાં પાટણ ખાતે ફરજ બજાવતો હતો તે દરમિયાન વાગડોદ પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૨૧/૨૦૧૭ પ્રોહી કલમ–૬૬–૧–બી, ૬૫એઇ,૬૭–સી, ૧૬૬બી,૮૧, ૯૯ મુજબના ગુનાની તપાસ અમોને ડેપ્યુટ હુકમથી સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ જેને રજુ દાખલ આંક.૫૬ આપવામાં આવે છે ત્યારબાદ ગુનાના કામે બી.વી.પટેલનાઓએ કરેલ પંચનામુ કામમા સામેલ રાખેલ તથા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા તથા આ કામે રવાનગી નોંધ ભરી એફ.એસ.એલ.ગાંધીનગર ખાતે મોકલી આપેલ જેને રજુ દાખલ આંક.૫૭ આપવામાં આવે છે અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોઇ અમોએ નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ અને આ સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી આરોપીને હુ ઓળખુ છુ જે નામ.કોર્ટમા હાજર નથી બચાવપક્ષે ઓળખ બાબતે તકરાર નથી.

જ્યારે બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને કોઇ મુદામાલ સાથે પકડેલ નથી. ફરીયાદીએ ફરીયાદમાં

પંચોના નામ જણાવેલ નથી. તપાસના કામે પોલીસ સાહેદ સિવાય કોઇ તટસ્થ સાહેદોના નિવેદન મે લીધેલ નથી.

## (૮) આખરી તારણ :

ન્યાયિક સિધ્ધાંતો તથા કાયદાકીય જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધનો ફોજદારી ગુનો વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ ઉપરોકત સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા તપાસનીશ અધિકારીએ તટસ્થ ઈમસોના નિવેદન નોંધલ નથી કે તેવા ઈસમોને સાક્ષી તરીકે ફરિયાદપક્ષે તપાસેલ નથી. વધુમાં ફરિયાદીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા સતત વાહનો તથા માણસોની અવરજવરવાળી જગ્યા છે. કહેવાતા બનાવવાળી જગ્યાએથી પોલીસ સીવાય સ્વતંત્ર સાહેદો મળી શકે તેવી જગ્યા હતી. પંચો નામઠામ ફરીયાદમાં લખાવેલ નથી. પંચોની હાજરીમા અમોએ આરોપીને પકડેલ નથી. તેમજ વધુમાં તપાસ કરનાર અધિકારીએ તેમની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકાર કરેલ છે કે, આરોપીને કોઇ મુદામાલ સાથે પકડેલ નથી. ફરીયાદીએ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. તપાસના કામે પોલીસ સાહેદ સિવાય કોઇ તટસ્થ સાહેદોના નિવેદન મે લીધેલ નથી.

હાલના કેસમાં ફરિયાદપક્ષે આરોપીનો મુદ્દામાલનો પ્રત્યક્ષ કબજો સાબિત કરવો પડે તેમજ ફરિયાદપક્ષનો પુરાવો વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારવા માટે ફરિયાદપક્ષના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાનું સમર્થન હોવું આવશ્યક છે, પરંતુ આ કામે સ્વતંત્ર સાહેદ કે સાંયોગિક પુરાવા ફરિયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન નહી આપતા હોવાનું પ્રથમ દર્શનીય

છે. વધુમાં પ્રોહીબીશનનાં ગુનાના કામે અગત્યનાં સાહેદ કે, જેનાંથી પંચનામું સાબિત થઈ શકે તે પંચ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી અને બીજા પંચ સાહેદ મરણ ગયેલ હોવાથી તેઓની જુબાની થયેલ નથી તેથી કબજે કરેલ મુદ્દામાલ ખરેખર કહેવાતી બનાવવાળી જગ્યાએથી આરોપીઓ પાસેથી પકડેલ છે કે કેમ તે અંગે પણ શંકા ઉદ્ભવે છે.

આમ, ફરિયાદપક્ષ સદર કામે જે મુદ્દામાલ કબજે લેવામાં આવેલ છે તે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી મળી આવ્યાનું સાબિત કરી શકેલ નથી. આમ, રેકર્ડ ઉપર જે પુરાવો પડેલ છે તે પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરી શકેલ ન હોય અને રજુ થયેલા પુરાવાથી આરોપીની સંડોવણી અંગે શંકા ઉત્પન્ન થતી હોય આ કામનાં સાહેદ પોલીસ વિભાગનાં અધિકારી હોય અને તેઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તેમની ફરજનું કૃત્ય હોય સ્વતંત્ર સાહેદોના પુરાવાનાં સમર્થનના અભાવે વિશ્વાસપાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાય નહી. તેથી ફરિયાદપક્ષ આરોપીઓ સામેના ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૭(સી), ૮૧, ૬૫ (એ.ઇ.), ૬૬(૧)બી, ૧૧૬(બી), ૯૯ મુજબના આક્ષેપ યુક્ત અપરાધોને શંકાથી પરે પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમાં મુદ્દા નં.૧ નું તથ્ય વ્યાજબી શંકાથી પરે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નકરાત્મક ઠરાવી, મુદ્દા નં. ૨ માટેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી (૧) રાજુજી બનેસિગ ઠાકોર, ઉ.વ.૨૪, રહે–સુણસર, તા.ચાણસ્મા, જિ.પાટણ, (૨) પ્રકાશકુમાર નારાયણરામ મગાજી કણબી(ચૌધરી) ઉ.વ.૨૫, રહે–સોરડા,

શીરોહી, રાજસ્થાનવાળાઓને ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ ની કલમ–૬૭(સી), ૮૧, ૬૫ (એ.ઇ.), ૬૬(૧)બી, ૧૧૬(બી), ૯૯ મુજબનાં ગુનામાંથી ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે પૂરતા પુરાવાને અભાવે શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વાગડોદ પી.આઈ.શ્રી/પી.એસ.આઈ.શ્રી નાઓએ આરોપી નં. (૩) દલપતસિંહ લક્ષ્મણસિંહ ભીખસિંગ ઠાકોર, ઉ.વ.૩૫, રહે–મંડાર, આદર્શ વિધ્યાલયની બાજુમાં, શિરોહી, મંડાર વિરૂદ્ધ સદર ગુના માટે અલગથી ચાર્જશીટ કરવું તેમજ આરોપી મળી આવ્યેથી આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૯ (અ) હેઠળ ગુનો દાખલ કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી.

(૩) આ કામે કબજે કરેલ પત્તા/દારૂ/નોન વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમ અનુસાર નાશ કરવો.

(૪) આરોપી  નં.૧ તથા ૨ એ ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૩૭ (એ) અન્વયે અપીલ થયે અપીલના કામે હાજર રહેવા, સદરહું હુકમની તારીખથી છ માસનાં સમયગાળા માટે રૂપિયા ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવા.

(૫) સદર ચુકાદાની એક નકલ યાદી સાથે વાગડોદ પી.આઈ.શ્રી/ પી.એસ.આઈ.શ્રીનોઓને મોકલી આપવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૩/૨૦૨૬

મુકામ : સરસ્વતી **(કુ.મેધાબેન મહેશકુમાર નવધરે)**



ફોજદારી ન્યાયાધીશ પ્રથમ વર્ગ,
સરસ્વતી [GJ01715]